# શ્રી એસ.આર.ભાભોર આર્ટ્સ કોલેજ. સીંગવડ

વિષય- ગુજરાતી

## <u>અનુઆધુનિક ટૂંકીવાર્તા</u>

<u>રજૂકર્તા</u>

ડૉ.રાજેન્દ્રકુમાર કે.મકવાણા

# ટૂંકીવાર્તા અને અનુઆધુનિક ટૂંકીવાર્તા

## વિભાવના,સ્વરૂપ અને વિકાસ

# ટૂંકીવાર્તા અને અનુઆધુનિક ટૂંકીવાર્તા વિભાવના, સ્વરૂપ અને વિકાસ

❖ ટૂંકીવાર્તાનો ઉદ્દભવ :

આશરે ૧૦૦ વર્ષનું આયુષ્ય ધરાવતી ટૂંકીવાર્તા માણસ જાત જેટલી જૂની છે.

ટૂકીવાર્તાનો ઉદ્દભવતો અમેરીકામાં થયેલો એ વાતનું અમેરિકના સાહિત્યકારો અને વિવેચકોને ઘણું ગૌરવ છે. (પાશ્ચયત ટૂકી વાર્તા-ઇલાબેન પાઠક)

# ટૂંકીવાર્તા અને અનુઆધુનિક ટૂંકીવાર્તા વિભાવના

❖ ટૂંકીવાર્તાને સમજવા માટે તેની વ્યાખ્યા સમજવી જરૂરી છે. ટૂંકીવાર્તાની વ્યાખ્યા બાંધવાના પ્રયત્નો પશ્ચિમના દેશો અને પૂર્વના દેશમાં પ્રયત્નો થયા છે. જે નીચે પ્રમાણે છે.

પશ્ચાત્ય વિધવાનોએ આપેલી ટૂંકીવર્તની વ્યાખ્યાઓ –

- Huge Walpoe's fnu Au fu;
- Frank o carnar
- W.H huasan "A short story must contain one and only one informing idea, and that this idea must be worked out to its logical conclusion with absolute singleness of aim and directness of method" (પૃ.9, A ges, movements and literary forms)
- એડગર એલન પ્રો- A Skifull artist has constructed a tale. He has not fashioned his thoughtss to accommodate his inidents, but having deliberately conceived a cetain single effect to be wrought, he then invents such incidents, tone as may serve him in establishing this preconceived effect. If his very first sentence tend not the bringing out of this effect, then in his very first step has he committed blunder. In the whole composition there should be no word written of which the tendency, direct or indirect is not to the one prestablished design" (page 105-106, Review of how thorne's 'Twice told Tales' By Edger Allen Poe)
- આમ, પશ્ચિમના વાર્તા સર્જકોએ અને વિવેચકોએ ટૂંકીવાર્તા સ્વરૂપની ચર્ચા કરતાં તેના જુદા-જુદા પાસાંઓની પોતપોતાની રીતે આગળ અભ્યાસ કર્યો છે.

- **ગુજરાતી ટૂંકીવાર્તાની વાત કરીએ તો ગુજરાતી વાર્તા સર્જકો અને વિવેચકો ટૂંકીવર્તની વ્યાખ્યા બાંધવા પ્રયત્નો કર્યા છે.**
- **નર્મદ-**
- ધૂમકેતુ- (ગૌરીશંકર ગોવર્ધનરામ જોષી)નું પ્રદાન ટૂંકીવાર્તા ક્ષેત્રે ઈયત્તા અને ગુણવત્તા બંને દષ્ટિએ નોંધપાત્ર રહ્યું છે. તેમની પાસેથી લગભગ ૫૦૦ ઉપરાંત ટૂંકીવાર્તાઓ પ્રાપ્ત થાય છે. આ સર્જકે વાર્તા ખેડાણની સાથે સાથે તેના સ્વરૂપને પણ વ્યાખ્યાબદ્ધ કરવાનો પ્રયત્ન કરતાં નોંધ્યું છે કે; "જે વીજળીના ચમકારાની પેઠે એક દૃષ્ટિબિંદુ રજૂ કરતાં કરતાં સોંસરવી નીકળી જાય અને બીજી ઝાઝી લપછપ વિના અંગુલિનિર્દેશ કરીને સૂતેલી લાગણીઓ જગાડી, વાંચનારની આસપાસ એક નવી જ કાલ્પનિક સૃષ્ટિ ઘડી કાઢે એ ટૂંકીવાર્તા. જે કહેવાનું હોય તે કહી નાખે છે, ટૂંકીવાર્તા કલ્પના અને લાગણીઓ જગાવીને જે કહેવાનું હોય તેનો માત્ર ધ્વનિ જ- તણખો જ મૂકે છે." (પૃ.૯, તણખામંડળ-૧)
- **રા. વિ. પાઠક**
- **ઉમાશંકર જોષી**
- **રસિકલાલ પરીખ**
  **જયંતી દલાલ**
- **જયંત ખત્રી**

❖ **સુરેશ જોષીની**

- ઈ.સ.૧૯૫૭માં 'ગૃહપ્રવેશ' વાર્તાસંગ્રહ દ્વારા ગુજરાતી વાર્તાવિશ્વમાં પ્રવેશીને તેના વિશે મૂલાધાર પરિવર્તનની દિશા સૂચવનારા સુરેશ જોષીની વાર્તાવિચારણા ઘણી જ અગત્યતા ધરાવે છે. તેમની 'ગૃહપ્રવેશ'ની પ્રસ્તાવના 'કિંચિત' શીર્ષક હેઠળ લખાઈ જે વાર્તાના સ્વરૂપ વિશે અને ટૂંકીવાર્તાના વિવેચન સંદર્ભે પાયાના ખ્યાલો અંગે ધ્યાન દોરે છે. તેમણે માત્ર ટૂંકીવાર્તા જ નહીં પરંતુ તમામ કળાઓ સંદર્ભે પ્રશ્નો ઉપસ્થિત કરીને ઉત્તરો આપવાનો પ્રશસ્ય પ્રયાસ કર્યો છે. કળાની સ્વાયત્તતા અને સ્વયંપર્યાપ્તતાનો સ્વીકાર કરી સર્જનના પ્રયોજન અંગે જણાવે છે કે; "સર્જનનું પ્રયોજન શું? લીલા. તો લીલા એટલે અહૈતુક નિર્માણની પ્રવૃત્તિ. આ લીલા જોઈને વિસ્મય થાય એને ચમત્કાર કહો કે ચેતોવિસ્તાર કહો એ જ સર્જન માત્રનું પ્રયોજન છે. આઠે રસથી જેનો પિણ્ડ બંધાયેલો છે એવા આપણા ચૈત્યપુરુષને સંવર્ધવો, ચેતનાના પરિધિને વિસ્તારવો એ જ સકલ પ્રયોજનોનું મૌલિભૂત પ્રયોજન છે" (પૃ. ૧૬, ગૃહપ્રવેશ)

❖ **શ્રી રઘુવીર ચૌધરી**

❖ **સુમન શાહ**

- આધુનિક વાર્તાસર્જક અને વિવેચક છે. તેમણે વાર્તાના વસ્તુને લક્ષમાં રાખી વાર્તાકારની ભૂમિકા સ્પષ્ટ કરતાં લખ્યું છે કે; "વસ્તુના ઘમ્મરમાં વાર્તાકાર હંમેશાં પોતાનું વલોણું ખોસે છે. પરિણામે બને છે વાતની વાર્તા-વાર્તાકારની આવી ચોક્કસ સ્વરૂપની દરમ્યાનગીરી વિના કશી વાર્તાસૃષ્ટિ કદી જન્મતી નથી... વાર્તામાં ઘટના પોતાનું સમગ્ર રૂપ બદલે છે તે એની સર્જકતાને આભારી છે. વાત-વાર્તા વચ્ચેના આ ભેદનું નામ જ રૂપ છે" (પૃ.૪, ખેવના સપ્ટે.ઑક્ટો.૧૯૮૭).

# ટૂંકીવાર્તાનાં લક્ષણો

- **ન**વલિકાનું કદ લાઘવભર્યું એટલે કે ટૂંકું હોવું જોઈએ.
- ટૂંકીવાર્તા લક્ષ્યગામિતા ધરાવે છે.
- ઠૂંકીવાર્તા ચોટદાર હોવી જોઈએ.
- ટૂંકીવાર્તા ધ્વનિપ્રધાન હોય છે.
- ટૂંકીવાર્તાનો રચનાબંધ સુદ્દઢ હોવો જોઈએ.
- વાર્તામાં જે પ્રસંગો કે ઘટના બને છે તે બધા વાર્તામાં આલેખાતા ચરિત્રો દ્વારા જ નિર્માણ પામે છે. આથી વાર્તામાં આલેખિત પાત્રો ચોટદાર અને ન્યૂનતમ હોવાં જોઈએ. વાર્તામાં ઓછાં અને આકર્ષક પાત્રો એ તેનું મહત્ત્વનું લક્ષણ છે.
- સતત જળવાઈ રહેતું અને વિકસતું વિચારઐક્ય એ ટૂંકીવાર્તાનું અગત્યનું લક્ષણ છે. ભાવકના ચિત્તમાં કોઈ એકાદ રહસ્ય કે ચોટને તીવ્રપણે ઉપસાવવા વાર્તાકારે સમગ્ર વાર્તામાં વિચારઐક્યને ધ્યાનમાં રાખવું જરૂરી છે.
- ટૂંકીવાર્તામાં સંવાદો  ટૂંકા અન  સચોટ- હોવાં જોઈએ.
- ટૂંકીવાર્તામાં આરંભ-મધ્ય અને અંતની એકરૂપતા ખૂબ જ આવશ્યક છે

# અનુઆધુનિક ટૂંકીવાર્તા વિભાવના

- ઈ.સ.૧૯૫૭માં ‘ગૃહપ્રવેશ’ દ્વારા ગુજરાતી ટૂંકીવાર્તા ક્ષેત્રે પ્રવેશ કરનારા સુરેશ જોષીમાં આધુનિક જીવનમૂલ્યોનું આલેખન વિશેષ જગ્યા રોકે છે. આધુનિક માનવીની હતાશા, નિરાશા, વેદના, સંબંધોની કૃતકતા, લાગણીશૂન્યતા, ઈશ્વરનો ઈન્કાર વગેરે તેમના સાહિત્યમાં પ્રતીતિકર રીતે આલેખાયાં છે. વાર્તામાં રૂપ અને આકારની જિકર કરનારા સુરેશ જોષી પાસેથી ‘ગૃહપ્રવેશ’, ‘અપિચ’, ‘ન તત્ર સૂર્યો ભાતિ’ જેવા નોંધપાત્ર વાર્તાસંગ્રહો મળે છે. તેમની જાણીતી વાર્તાઓમાં ‘ગૃહપ્રવેશ’, ‘થીંગડું’, ‘કુરુક્ષેત્ર’, ‘એક મુલાકાત’, ‘લોહનગર’, ‘રાક્ષસ’, ‘વરપ્રાપ્તિ’ અને ‘જન્મોત્સવ’ છે. સુરેશ જોષીએ આપણી ગુજરાતી ટૂંકીવાર્તામાં ચાલી આવેલી પરંપરાગતતાને પડકારીને એક નવીન માર્ગ કંડાર્યો છે.
- જયંત પાઠક ટૂંકીવાર્તાન**(૧) આંતરમનની પ્રક્રિયાનું આલેખન**
- **(૨) ભાવપ્રતીકોનો વિશેષ ને વિશિષ્ટ રીતનો પ્રયોગ**
- **(૩) વાર્તામાં ઘટનાતત્ત્વની અપ્રતિષ્ઠા.**
- લક્ષણો ગણાવે છે;

- ૧૯૮૦ પછીનું ગુજરાતી સાહિત્ય અને વાર્તાઓ બદલાવા લાગે છે. જુદી જુદી ચેતનાઓ અને ધારાઓ વેગપૂર્વક પ્રસરણશીલ બને છે. દલિતચેતના, નગરચેતના, ગ્રામ્યચેતના અને નારીચેતનાકેન્દ્રી સાહિત્ય તથા દેશીવાદ પણ પ્રબળપણે પ્રવર્તતો થાય છે. આ પ્રકારના સાહિત્યને જેના કેન્દ્રમાં સામાન્ય માણસ આવ્યો અને સાહિત્ય છેક છેવાડાના જન સુધી પહોંચ્યું તેને આપણે અનુઆધુનિકતાવાદી સાહિત્ય એમ જાડી રીતે ઓળખીએ છીએ.
- અનુઆધુનિકતાવાદ સંજ્ઞા સમજાવતાં ડૉ. સુમન શાહ લખે છે, ‘‘અનુઆધુનિકતાવાદ હોવાનો એક અર્થ સ્વ-સ્થાનમાં પાછા ફરવું એમ કરાતો હોય છે : સ્વ-દેશ... પ્રદેશ... નગરસમાજ...ગ્રામસમાજ. અહીં એવું માની લેવાયું છે કે પૂર્વે અથવા કહો કે આધુનિકતાવાદમાં માન્યતા બંધાઈ હતી ત્યારે તમે પર-દેશમાં પર-પ્રાન્તમાં કે પર-સમાજમાં હતા. સ્વ-સ્થાનમાં પાછા ફરવું એટલે પર-સંસ્કૃતિ અને પર-ભાષાસાહિત્ય વગેરેમાંથી પણ પાછા ફરવું-સ્વ-સંસ્કૃતિ અને સ્વભાષાના સાહિત્યમાં પરોવાવું. આ જ તર્ક અનુસાર કહી શકાય કે અનુ-આધુનિક હોવું એટલે સ્વકીય કેન્દ્ર ધરાવતી સ્વ-સત્તાના આશ્રયે જવું.’’ (પૃ. ૨૮૮, અનુ-આધુનિકતાવાદ અને આપણે)
- ડૉ. જયંત ગાડિત અનુઆધુનિકતા વિશે નોંધે છે કે; ‘‘અનુઆધુનિકો વિજ્ઞાન-ટેકનોલોજીની વિનાશકતાને પીછાણ્યા પછી આધુનિકોની જેમ સંત્રસ્ત ને ચિંતિત નથી. માનવજીવનની નિયતિને એમણે સહજરૂપે સ્વીકારી લીધી છે.’ (પૃ. ૩, અનુઆધુનિક સાહિત્ય સંજ્ઞાકોશ)

- અનુઆધુનિક ટૂંકીવાર્તાના પ્રાગટ્યની ક્ષણોએ તે જુદી જુદી ધારાઓમાં ખેડાઈ અને અનુઆધુનિક ટૂંકીવાર્તા એવું નામ પામી. ૧૯૮૭માં હિમાંશી શેલત પાસેથી 'અંતરાલ' વાર્તાસંગ્રહ મળ્યો અને તેમાં નારીની નિજી સંવેદનાઓની ગૂંથણી આકર્ષકપણે થયેલી જોવા મળી જેને આપણે નારીચેતનાકેન્દ્રી વાર્તા તરીકે ઓળખાવી. તો આજ સમયગાળામાં મોહન પરમાર અને હરીશ મંગલમ 'ગુજરાતી દલિત વાર્તા'નું સંપાદન કરે છે. જેમાં દલિતોની વાત કેન્દ્રમાં છે. સમાજના દલિત, પીડિત, શોષિત વર્ગની સંવેદનાઓ પહેલીવાર ટૂંકીવાર્તામાં આ રીતે આલેખાયેલી જોવા મળે છે. આ વાર્તાઓને દલિતચેતનાકેન્દ્રી વાર્તા તરીકે ઓળખીએ છીએ. મણિલાલ હ.પટેલ, માય ડિયર જયુ, કિરીટ દૂધાત વગેરેએ તેમના ગ્રામ્યપરિવેશને વાર્તામાં જીવંત કર્યો જે ગ્રામચેતનાકેન્દ્રી વાર્તાઓ તરીકેની ધારા તરીકે ઓળખાઈ. તો પ્રવીણસિંહ ચાવડા, બિપીન પટેલ અને હરીશ નાગ્રેચાની વાર્તાઓમાં નગરજીવનના પ્રશ્નો આવ્યા એ રીતે એ નગરચેતનાની ધારા કહેવાઈ. આ ચારેય ધારાઓમાં જુદી જુદી રીતે થયેલું કામ પછી અંતે સમગ્ર રીતે અનુઆધુનિક ટૂંકીવાર્તાનું નામ પામે છે.

# અનુઆધુનિક ટૂંકીવાર્તાના લક્ષણો

- વિષયવસ્તુ સંવેદના મહત્વ કરે છે.
- ટેકનિકલ જડબેસલાક ચોકઠાને આ વાર્તા નકારે છે.
- બિનજરૂરી પ્રતીકો-સંકેતો કે એવિ કૃતિ ભાષાભાતને છોડી દેવામાં આવે છે.
- વાર્તાને એની સામાજિક ભૂમિકા પછી આપવામાં આવે છે.
- પાત્રો એના કુટુંબ, સમાજ વચ્ચે જ રાખીને ચિત્ર કરવામાં આવે છે.
- તળજીવનનો અને તળભાષાનો પ્રયોગનો આ વાર્તાને છોછ નથી.
- યંત્ર યુગીન સમાજની ચેતના તથા એની સમસ્યાઓમા આ વાર્તા રસ લે છે. અંહી આધુનિકતા ચેતના જીલાય છે.
- વાસ્તવ જીવનના પરિવેશનો મહિમા કરવામાં આવે છે.
- અનુભવનો આકાર અને શબ્દની શક્તિ બનેને આવકારવામાં આવે છે.
- જીવન સાથેની નિસ્બત પ્રગટે છે.
- પાત્ર અને સંવેદના અનુરૂપ ભાષા સહજ રીતે રચાતી આવે છે.
- વ્યાકરણ બોલીનો નહીં પણ રોજ-બરોજના જીવન વ્યવહારમાં વાપરતા ભાષાઓનો પ્રયોગ.
- ટૂંકીવાર્તા પ્રવાહને છાપવાનું કામ રમેશ દવે, હર્ષ ત્રિવેદી, રામચંદ્ર પટેલ, જંક ત્રિવેદી, પ્રાંજીવન મહેતા, બિપિન પટેલ, શિરીષ પંચાલ, સુમન શાહ, ભૂપેન ખાખર, વિનેશ અંતાણી, ભયાણી, ધિરેન્દ્ર મહેતા, યોગેશ જોશી, હરિકૃષ્ણ પાઠક, જોસેફ મેકવાન, હરીશ મંગલમ, ધર્માભાઈ શ્રીમાળી, નાઝીર મનસૂરે, જીતેન્દ્ર પટેલ, પ્રવીણ ગઢવી, રાઘવજી માધવ અને પ્રાગજીભાઇ ભામ્ભી વગેરે

# આભાર